ભીષ્મ મહાપુરૂષો.

ભાગ ૨ જો.

લખનાર.
મોતીભાઇ રાયજીભાઈ વરેડીઆ.

છપાવી પ્રસિદ્ધ કર્તા.
ભીખાભાઇ છોટાલાલ ઠક્કર.
વડનગર (ગુજરાત).

આવૃતી ૧ લી. પ્રત ૨૫૦

અમદાવાદ—શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

સંવત. ૧૯૬૯. સને ૧૯૧૩.

કીંમત ૦-૨-૬.

કૉપી[illegible]જીની યાત્રાનું અમૃતપાન ઘેર બેઠા

કરવું હોય તો વાંચો.

આરાસુરનો ભોમીયો અને અંબીકા

સ્તવન.

હાથના કંકણને આરસીની શુ જરૂર છે?

નાટકના રાગમાં શોખીનોને માટે અતી ઉપયોગી પુસ્તક એકવાર વાંચવા હરેકને ભલામણ છે. કીંમત માત્ર ચારજ આના તાકીદે લખો. સીલીક હશે ત્યાં સુધી મલશે.

બી સી. ઠક્કર.

વડનગર [ગુજરાત.]

કિરાતાર્જુન.

એકલવ્ય.

[૫]

એ એક ભિલ્લ પુત્ર હતો. એનો જન્મ ક્યાં થયો અને એ ક્યાં મરણ પામ્યો તેની પુરતી માહિતી નથી. એ પાંડવોના સમયમાં થયો. એ પાંડવોના ગુરૂ દ્રોણાચાર્ય પાસે બાણ મારવાની વિદ્યા શીખવા ગયો પરંતુ તેમણે ભિલ્લપુત્ર જાણી તેને વિદ્યા શીખવી નહિ; તેથી તેણે તેમની માટીની મૂર્તિ બનાવી જંગલમાં જઇ તેના ઉપર પરમ શ્રદ્ધા રાખી તેનું હમેશ પૂજન કરી બાણ સાધવા લાગ્યો અને ઘણા દિવસે પોતે તેમા નિપુણ થયો.

એક દિવસે પાંડવો હરણનો શિકાર રમવા પેલો એકલવ્ય રહેતો હતો તે જંગલમાં અનાયાસે જઈ ચઢયા. તેમની પાછળ એક માણસ પણ કુતરો લઇને ગયો. એનાં દાઢી, મુછ, મોટાં મોટાં વધી ગયાં હતાં, તેને જોઇ પેલા કુતરાએ ભસવા માંડયું. એકલવ્યે વિચાર કર્યો કે હું અહિં મારૂ કામ કરતો રહીશ અને મારૂં કરેલુ કામ બતાવીશ નહિ તો પછી મને કોણ ઓળખશે? માટે એણે તેને સાત બાણ એવી રીતે માર્યા કે કુતરાને કંઇ ઈજા ન થતાં મોંમાં સમાઈ રહ્યાં. કુતરો ભસવાનું કોરે મુકી જીવ લઇ ધણી પાસે જતો રહ્યો. વખતે તે ભસતો ભસતો નાસત પરંતુ મોં બંધ થયેલું તેથી શી રીતે ભસી શકે? તે પાંડવોના જો-

વામાં આવ્યો. તેને જોતાંજ તેઓ આશ્ચર્યમાં પડી ગયા. મનમાં વિચાર્યું કે ધન્ય આ બાણુ સાધનારને, ધન્ય છે એની જનેતાને કે આવો બાણાવળી પુત્ર પેદા કીધો; અને ધન્ય છે એના ગુરૂજીને કે આવી ઉત્તમ વિદ્યા શીખવી. પછી તેને શોધવા પાંડવો આમ તેમ ફરવા લાગ્યા; એટલે તે જ્યાં બેઠો હતો ત્યાં તેઓ જઈ ચઢયા. ને પૂછ્યું. "તમારા બાપનું નામ શું!" "તમે કોણ છો? તમારી જ્ઞાતિનું નામ શુ?" અને તમે કોના શિષ્ય છો?" એકલવ્યે કહ્યું, "મારા બાપનું નામ હીરણ્ય ધેનુક છે."[1] "હુ ભિલ છુ, હુ બાણાવળી છું, મારા ગુરૂજીનું નામ દ્રોણાચાર્ય છે" એકલવ્યનું નામ સાભળતા અર્જુન બેબાકળો બની ઘેર આવ્યો. ગુરૂજીના મુકામ ઉપર ગયો તેને જોઇ દ્રોણાચાર્યે પૂછ્યું:— "અર્જુન કેમ આવવું થયુ?" "તમે કહેતા હતા કે હે અર્જુન તારા કરતાં શ્રેષ્ટ બાણ મારવાની વિદ્યા બીજા કોઇને મેં શીખવી નથી." એ કહેવાનુ જુઠું પડે છે, કેમકે એકલવ્યની બાણ મારવાની વિદ્યા આગળ મારી વિદ્યા કશી ગણતરામા નથી" દ્રોણાચાર્યે કહ્યું. "મેં તેને વિદ્યા શીખવી નથી." પછી તેઓ પેલો એકલવ્ય જે જંગલમાં રહેતો હતો ત્યાં ગયા. ગુરૂજીને આવેલા જોઈ એકલવ્યે પોતાના સ્થાનેથી ઉઠી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કીધા. દ્રોણાચાય પૂછ્યુ:—"તુ કોનો ચેલો છે?" "હુ આપનોજ ચેલો છું" એકલવ્યે કહ્યું. "મેં તને એ વિદ્યા શીખવીજ નથી" દ્રોણાચાર્યે કહ્યું. "હુ તમારી પાસે એ વિદ્યા શીખવા આવ્યો ત્યારે શીખવી નહિ તેથી અહિં આવી તમારી માટીની

---

૧ એક માસિકમાં એનું નામ હિરણ્ય ધનુસ બતાવેલું છે.

મૂર્તિ બનાવી તેને હંમેશ પૂજી: તેની ઉપર શ્રદ્ધા રાખી બાણ સાધતો હતો, તેના પ્રતાપે આજે હુ આવો પ્રવીણ થયો છું. એટલે તમારો શિષ્ય હુ કહેવાઉં" એકલવ્યે કહ્યું. "તું જો મારો ખરો શિષ્ય હોય તો મને ગુરૂદક્ષણા આપ." દ્રોણાચાર્યે કહ્યું, "તમે જે માગો તે આપું. આ દાસ સદા આપવા તૈયાર જ છે." એકલવ્યે કહ્યું. દ્રોણાચાર્યે કહ્યું:—"તારા જમણા હાથની ટચલી આંગળી કાપી આપ." તે સાંભળતાં તરત તેણે તે કાપી આપી. ધન્ય છે એકલવ્યને! ગુરૂભક્તિ અને શ્રદ્ધા તે આનું નામ.

સાધ્વી તોરલ.

[૬]

આધુનિક સમયમાં જનસમુહનાં મન ભજન તરફ વધારે આકર્ષાએલાં દૃષ્ટિગોચર થાય છે; તેમાં ગૌરવ અર્થવાળાં અને ઇશ્વર પરાયણ ભજન પુરૂષ વ્યક્તિનાં ઘણાં સાંભળવામાં આવે છે. કિન્તુ સ્ત્રીવ્યક્તિનાં પદ તો થોડાંજ ભાગ્યેજ સાંભળવામાં આવે છે.

ભૂતકાળમાં થઇ ગયેલ તોરલ રાણીનાં ભજન ઉપલા આશયની ખોટ પુરે તેવાં છે. એટલે કે ગૌરવ અર્થવાળાં અને ઇશ્વરપરાયણ છે. તે સાંભળવાથી કે વાંચવાથી માણસને અલૌકિક ભાવ ઉત્પન્ન થયા સિવાય રહેતો નથી. અને વળી ઉપદેશ આપે છે. એનાં ભજન

મારગીપંથનાં સાધુ સાધુડીઓ ગાય છે, બોલે છે. વૈદિક મત સિવાય તમામ પથોમાં મતાંતરો ઘણા હોય છે. દરેક પંથના આગેવાનો યા તેના પછીના પુરૂષો યા તેના સ્થાપકો પોતાનો ક્કકો ખરો પાડવા માથાકુટ, કરી રહેલા જણાય છે. વૈદિક મત જ્યારે શિવ, વિષ્ણુ, મૂર્તિ વગેરેને પૂજવાનું કહે છે ત્યારે મારગીપંથ તેનો અનાદર કરે છે અને પોતાના ગુરૂને પૂજવાનું પ્રાધાન્ય ગણે છે. વિશેષમાં ગુરૂ એજ તારણહાર, ગુરૂ એજ મોક્ષદાતા કહેવાય છે.

જેમ મીરાંબાઈ, દિવાળીબાઈ, રાધાબાઈ ભક્તકવિ તરીકે પોતાની અચલ કીર્તિ, કીર્તિ લેખ પોતાની પછીની પ્રજાને વારસામાં આપી ગઈ છે તેમ આ ભક્તકવિ પણ આપી ગઇ છે. પરંતુ આ મારગીપંથી અને ઘણા વર્ષો ઉપર થઇ ગયેલી હોવાથી એના જીવનવૃત્તાંતની, ભજનની સંપૂર્ણ હકીકત મળી શકતી નથી. તેથી એની ઉજવળ કીર્તિ “ પાંદડાં ઓથે નસીબ ” એ કહેવતના ભાવ પ્રમાણે ઢંકાઇ રહેલી છે.

બૃહત્ કાવ્યદોહન અને પ્રાચીન કાવ્યમાળાના રચનાર સાહેબો જ્યારે પુરૂષવ્યક્તિ માટે બુમો પાડે છે કે—“ પ્રાચીન કવિ, ભક્ત કવિ, સાક્ષરોનાં જીવન વૃત્તાંત, કાવ્ય બહાર લાવવાં—જાહેરમાં આણવાં એ અતિ દુર્ઘટનું કામ છે પુરૂષવ્યક્તિ માટે જ્યારે આમ છે તો સ્ત્રીવ્યક્તિ માટે કેમ ન હોય ? પણ “ નહિ મામા કરતાં કહેણો મામો શું ખોટો ? ” એ કહેવતાનુસાર મને એ !! અંગત

કંઈક કંઈક કાવ્ય મળી આવ્યાં છે તેનો ચિતાર આ લગત નિતરૂં છું કાવ્યો જેવાં ને તેવાંજ કાંઇપણ સુધારા કર્યા વગર મુકવામાં આવ્યા છે. આ રીતે થોડાં થોડાં કાવ્ય સુધરવામાં આવે તો આગળ ઉપર બીજાં એનાં કાવ્ય મળી આવે એક પુસ્તક ભરાય અને તેથી જગતના પૃષ્ઠ ઉપરથી સ્રીકવિ તરીકેની પદ્દવી નષ્ટ થતી અટકે-અચલ રહે.

મારગીપંથના સાધુઓના કહેવા મુજબ તોરલરાણી, તોરલદે અથવા તોશલડી ગામના કાઠી સાસટીઆની રાણી હતી. કાઠી સાસટીઆને જીવાઇનો ગીરાશ જુજ હતો પરંતુ તેનો ભક્તિ તરફ ભાવ ઘણોજ ઉચ્ચ પ્રકારનો હતો. તેથી એની માન્યતા હતી કે જે કોઈ સાધુ આવે તેની યથાયોગ્ય માગણી પૂર્ણ કરવી એજ આ દુનિયામાં મહાન ધર્મ છે. આજ માન્યતા તોરલમાં પ્રાધાન્યપદ ભોગવતી એવું માનવું એ તેના બનાવેલ ભજન ઉપરથી જણાય છે.

તેના સંબંધમાં એક દુહો પ્રચલિત છે કેઃ—

તોરલે ત્રણ નર તારીઆ, સાસટીઓ ને સધીર;
જેસલ જગનો ચોરટો, તેને પલમાં કીધો પીર.

ઉક્ત દોહરામાં કહેલ તોરલ રાણીએ તારેલ ત્રણ નરો—
(૧) સાસટીઓ (એનો ધણી) (૨) સધીર (વાણીઓ હતો)
(૩) જેસલ (અંજાર-કચ્છ) નો જાડેજો રજપૂત હતો.

૧. સાસટીઓ એ તોરલનો ધણી હતો. તેની ધરમ તરફ આસ્થા વધારે હતી, એવું આપણને કેટલાક બનેલ બનાવોથી વિદીત થાય છે. એણે કેટલાંક ભજન બનાવેલ હશે તે ચોક્કસ કહી શકાતું નથી પરંતુ બનાવેલ છે એ ચોકસ છે.

૨. સધીર એ વાણીઓ હતો. તોરલે એને ઉપદેશથી ભક્તિ તરફ વાળ્યો હતો. એ વાત નિઃસંદેહ છે. એના સંબંધી વિશેષ હકીકત કે ભજન મળી આવ્યાં નથી.

૩ જેસલ એ અંજાર (કચ્છ) નો જાડેજો રજપૂત હતો. એ માણસો લુંટવાનું, માલમતા ચોરવાનું કામ કરતો હતો. વળી પશુ પક્ષીઓ મારવામાં એણે કશી કચાસ રાખી નથી. એણે ઓછામાં ઓછા ચોવીશ વરસ સુધી ચોરીઓ કરી હતી. તે પોતે તોરલે ભજનમાં કહી બતાવેલ છે.

તે પછી તોરલના ઉપદેશથી એણે તમામ નઠારાં કૃત્યો છોડી દીધાં હતાં. એ હરિભક્તિમાં લદ્દુ બન્યો હતો તેના પ્રતાપે "પીર" ની પદવી પ્રાપ્ત કરવા ભાગ્યવંત બન્યો હતો. (મતલબ કે પીર થયો હતો.) એની વિશેષ હકીકત મળી નથી.

તોરલનું કાવ્ય—

જેસલ કરી લે વિચાર, માથે જમ કેરો માર,
સ્વપ્ના જેવો છે સંસાર, તોરલ છે પોકાર;
આવોને જેસલરાય, પ્રેમ થકી આપણ મળીએ,
પુરા સાધ્ય હોય ત્યાં જઇ ભળીએજી.—ટેક.
આ ભવ આવીયો અવતાર, માથે સતગુરૂ ધાર,
જાવું ધણીને દુવાર, એસાડી ઉતારો ભવપાર;—આવો.
ચાંદો સુરજ રહે છે આકાશ, નવલખ તારા એની પાસ;
પવન પાણીનો પ્રકાશ, સહુ લોક કરે તેની આશ—આવો.
ગુરૂ ગુણનો નહિ પાર, ભક્તિ ખાંડા કેરી ધાર;
નુગરા શું જાણે સંસાર, એનો એળે ગયો અવતાર—આવો.

છીપુ સમુદ્રમાં થાય, વાકી ધન્યરે કમાય;
સ્વાતીનો મેહુલા વરસાય, ત્યાંતો સાચા મોતી થાય—આવો.
મોતી એરણમાં એરાય, માથે ઘાંણુ કેરો ઘાય;
ફુટ ફટકીયાં કહેવાય, સાચાની ખરે ખબરો થાય—-આવો.
જીવ ગતિ ગુરૂ પાસ, જેવી કસ્તુરીની વાસ;
તોરલ તેજનો અંબાર, સેવકોની લેવા આવે લાજ—આવો.
નવલખ કોથળીઉં બંધાય, તેતો ગાંધીડા કેંવાય;
હીરા માણેક હાટે વેચાય, તેનાં મુલ મોંઘાં થાય—-આવો.
નિત્ય ઉઠી નાવા જાય, કોયલો ઉજળો નવ થાય;
ગણિકાનો બેટો કોને બાપ કેંવા જાય, માઉઠા વણ કણ ન
વેડાય—આવો.
દેખાદેખી કરવા જાય, એતો અધુરીઆં કહેવાય;
હાથમાં દીવો લઇ કુવે પડવા જાય— આવો.
... ...
ચાર જુગની વાણી સતી તોરલદે ગાય— આવો.

સત્સંગથી મહત્ પદ (રૂષીપદ પામનાર).

રત્નાકર ઉર્ફે વાલ્મીક.

[૭]

એ ભીલ પુત્ર હતા. એમના પિતાશ્રીએ એમનું નામ રત્નાકર પાડયું હતું. વિવાહલાયક ઉમર થવાથી એમને સારૂં ઘર જોઇ પરણાવ્યા હતા. તેથી એઓ પુત્ર પરિવારવાળા થયા હતા. પુત્ર

પરિવાર અને માતપિતાનું ભરણ પોષણ લુંટ, ચોરીવડે કરતા. પોતે જંગલમાં જઇ એક ઝાડ ઉપર ચઢી છાનામાના બેસી રહેતા. જ્યારે રસ્તા ઉપર કોઈ માણસ નજરે પડતું ત્યારે ત્યાંથી ઉતરી તેની ઉપર તુટી પડી વસ્ત્ર, ઘરેણાં, ધનમાલ વગેરે પડાવી લઈ મારી નાંખતા તેથી તે જંગલમાં ત્રાહે! ત્રાહેની ગર્જના ગાજી રહી હતી: અને માર્ગ વિકટ બની રહ્યો હતો.

ઇશ્વરની લીલા અકળિત છે. કોઇ કાળે પૂર્વના પુણ્યનો ઉદય થાય છે. તેમની કળાનો કોઇ પાર પામી શકતું નથી નારદઋષી એક દિવસ હરિગુણ ગાતા ગાતા ગોલોકમાં ગયા. ત્યાં નારાયણે શ્રી રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘન અને સીતાજીને બેસાડી લીલા કરી રહ્યા હતા. તે જોઇ તે ત્યાંથી મહાદેવ પાસે આવ્યા. અને નારાયણની સઘળી અલૌકિક બીના તેમને જાહેર કરી વળી કહ્યું કે—"મહારાજ! આમ કરવાનું તેઓશ્રીને શુ કારણ હશે?" મહાદેવ બોલ્યા કેઃ—"સાડ હજાર વર્ષ પછી રામ, લક્ષ્મણાદિ પૃથ્વી ઉપર જન્મ લેશે અને એ પ્રમાણે તેઓ લીલા કરી જગતનું દુષ્ટોને મારી કલ્યાણ કરશે, તેથી હાલ લીલા નારાયણે બતાવી છે. રામ પિતાનું વચન પાળવા વનમાં જશે. વળી જે રામ નામનો મહા મંત્રનો જપ કરશે તે સંસારબંધનમાંથી નીકળી જઇ પરમ પદને પામશે" નારદજી બોલ્યા કે—" એવો પાપી

કોણ છે ?" મહાદેવે જણાવ્યુ કે —" મધ્ય પથમાં રત્નાકર નામનો એક લુંટારો છે ને હજારો માણસોને મારી ધનમાલ લુંટી લેછે" ત્યાંથી નારદજી મહાદેવની રજા લઇ રત્નાકર રહેતો હતો ત્યાં આવ્યા. તેમને જોતાંજ તે એક વૃક્ષ ઉપર લોઢાની મુગદર લઇ બેસી રહ્યો હતો તે કુદકો મારી તેમની પાસે દોડી ગયો મારવાને એક હાથ ઉગામે છે કે તે હાથ ઉચોને ઉચો રહી ગયો તે જોઇ તે આશ્ચર્યમાં પડયો એટલે નારદજીએ પૂછ્યું કેઃ—" તુ કોણ છે ?" તેણે કહ્યું કેઃ—" હું એક લુંટારો છું. હમણાં તને મારી તારો સઘળો માલ પડાવી લઈ તને જમનો દરવાજો દેખાડી દઇશ."

નારદજીએ કહ્યું કેઃ—" ભલે ! મને લુંટ જે ગમે તેમ કરજે તેની મને ફિકર નથી; પણ હું કહું એટલું તું ધ્યાનથી સાંભળી લે. તુ લુંટફાટ, ચોરી કરીને જે દ્રવ્ય લઇ જાય છે તે તુ, તારાં માત પિતા, તારી સ્ત્રી અને પુત્ર ખાય છે તો તેઓને તુ પુછી આવ કે હું જે પાપ કરૂં છું તેમાં તમે ભાગીઆ થશો ? તેઓ શો જવાબ આપે છે તે સાંભળી પછી મને લુંટજે." રત્નાકર મનમાં વિચાર કરવા લાગ્યો કે રખેને મને આડું અવળું અટમ પટમ સમજાવી જતો રહે, તેથી ગયો નહિ, તે જોઇ નારદે કહ્યું કે શા માટે તુ જતો નથી ? તને જો વિશ્વાસ ન આવતો હોય તો લે આ કોલ. નારદજીએ કોલ આપ્યો તે લેઇ તે ઘેર આવ્યો અને પ્રથમ તે પોતાના પિતા પાસે ગયો. રત્નાકરે પૂછ્યું કેઃ— " પિતાજી ? હું જે પાપ કરૂં છું અર્થાત્ હું જે કાળાંકર્મ કરી ધન લાવી તમારૂં પેટ ભરૂંછું તેમાં તમો ભાગ આપશો કે નહિ?"

પિતાશ્રીએ કહ્યું કેઃ—" પુત્ર ? તું મૂર્ખ જણાય છે તું પાપ કરે તેમાં હું શી રીતે ભાગીઓ થાઉં ? તું નાનો હતો તે દરમ્યાન હું જે પાપ કરી લાવી તને ખવાડતો હતો તેમાં તું શું ભાગીઓ થઇ શકીશ ? પુત્ર પિતા થાય છે અને પિતા પુત્ર થાય છે. હાલ હું વૃદ્ધ થયો છું એટલે પુત્ર બરાબર છું તો માઠું પોષણ કરવું એ તારી ફરજ છે."

આ વચન સાંભળી પોતે શરમાઇ નીચું મોં ઘાલી માતુશ્રી પાસે ગયો અને પુછ્યું કેઃ—" માજી ! હું જે પાપકર્મ કરી ધન લાવી તમને ખવાડુંછું તેમાં તમે ભાગીઆં થશો કે નહિ?" માતુશ્રીએ કહ્યુ કેઃ—" પુત્ર ! તું મુર્ખ જણાય છે તારા પાપની ભાગીએણ હું શી રીતે થાઉં ? કહેવત છે કેઃ—" ખોદે તે પડે, કરે તે ભોગવે, અને વાવે તે લણે " મેં તને નવમાસ ઉદરમાં રાખ્યો, ખાટાં, મોળાં, તીખાં તમતમતાં શાક ભાજી તજી તારૂં પોષણ કરી ઉછેર્યો. તેના એક દિવસનો પણ બદલો તારાથી વળી શકે તેમ નથી. તો હું તારા પાપમાં શી રીતે ભાગીએણ થાઉં?" રત્નાકર વિલેમુખે શરમાતો શરમાતો વ્હાલી રામા પાસે ગયો. અને પુછ્યું કે—" હે વ્હાલી ! હું જે પાપ કરી ધન લાવુંછું અને તે તને ખવડાવુંછું તેમાં તું ભાગીએણ ખરી કે નહિ ?" અર્ધાગના બોલી કેઃ—" તમો જે પાપ કરો છો તે પાપમાં હું શી રીતે ભાગીએણ થાઉં ? મને તમે લાવ્યા છો. મહેનત કરી લાવી યા ગમે તેમ કરી મારૂં પોષણ કરવું એ તમારી ફરજ છે" એ સાંભળી તે પુત્ર પાસે ગયો અને તેને પણ " પાપમાં ભાગીદાર થવાનું કહ્યું તો તેણે પણ નકારમાં ઉત્તર આપ્યો તેથી શ-

રમાતો શરમતો નારદજી પાસે આવ્યો અને તેમના ચરણમાં લોટી પડયો. ઉપરની સર્વે વાત કહેતાં રૂદન કરવા લાગ્યો. પછી પાપકર્મથી પસ્તાવો કરી બોલ્યો—"મહારાજ! આ સેવક તમારે શરણે છે. મારો કે છુડાડો એ તમારાજ હાથમાં છે. સેવકપર કૃપા કરી ઉદ્ધાર કરો. સંસારમાંથી બચાવો. નારદજીએ કહ્યું—"તું સામા તળાવમાં નાહી આવ." તે સામા તળાવમાં નહાવા ગયો તો તેમાંનું પાણી સુકાએલું જોઇ પાછો વળ્યો અને તેમાં પાણી ન હોવાનું જણાવ્યું. (રત્નાકરના પાપથી સરોવરનું પાણી સુકાઈ ગયું) નારદજીને દયા આવી. તેથી તેને વૃક્ષની ઘટામાં લઈ જઈ પોતાની તુમડીમાંથી પાણી કાઢી એના શરીર ઉપર છાટયુ. અને રામનામનો મહામંત્ર આપ્યો. પણ એ જડબુદ્ધિના રત્નાકરને તેનો ઉચ્ચાર કરતાં આવડયો નહિ. તેથી તેનાથી ઉલટો શબ્દ 'મરા મરા" એમ છેવટે બોલતા તેમણે શીખવ્યુ. પછી તેના માથે વૃક્ષનાં પાંદડાં ઢાકી નારદજી અદશ્ય થઇ ગયા. એ મરા મરાનો ઉચ્ચાર અન્નફળ લીધા સિવાય રાત દહાડો કરતો રહ્યો. એક હજાર વરસમાં એમના શરીર ઉપર ઉધઇએ એક મોટો રાફડો કરી દીધો હતો. માંસ તે ખાઈ ગઇ હતી ફક્ત હાડપીંજર રહ્યું હતું. તે દરમ્યાન બ્રહ્મા અને નારદજી ત્યાં આવ્યા ને જોયું તો રત્નાકર મળે નહિ. પણ તે જગ્યાએ એક રાફડો જોયો. અને તેમાંથી રામનામનો મંત્રોચ્ચાર બહાર સાંભળવામાં આવ્યો. તેથી તેમણે એને કાઢવા માટે ઇંદ્રમહારાજને વરસાદ વરસાવવાની આજ્ઞા કરી. ઇંદ્ર મહારાજે લાગલાગટ

સાત દિવસ વરસાદ વરસાવ્યો તેથી રાફડો ધોવાઈ ગયો અને એનું હાડપીંજર જણાવા લાગ્યું.

બ્રહ્માજીએ એના શીરે હાથ મૂક્યો એટલે તે શુદ્ધિમાં આવ્યો ને બંન્ને દેવને નમી પડયો. વાલ્મિક-રાફડામાંથી નીકળ્યો માટે તેઓ શ્રીએ વાલ્મિક નામ પાડયું. ત્યારથીજ એઓ વાલ્મિક ઋષિને નામે ઓળખવા લાગ્યા અને પરમપદને પામ્યા.

વાલ્મિક રાફડામાંથી નીકળ્યો ત્યારે તેમણે કહ્યું કઃ—"તમે રામનામનો મહામત્ર જપી પરમપદને પામ્યા છો માટે રામનું છંદમાં સુચરિત્ર વર્ણુન કરો, વાલ્મિકજી બોલ્યાઃ—"મને એક અક્ષર પણુ આવડતો નથી. મતલબ કે હું અભણુ છું તો શી રીતે તેમનુ વર્ણુન કરૂં ?" તે બોલ્યો કઃ-"તમારી જિવ્હા ઉપર સરસ્વતી દેવીનો આવિર્ભાવ થશે."

એક દિવસે તમસા નદીના કિનારાપર એક ક્રૌચ પક્ષી ક્રોચી સાથે સંભોગમાં મચી પચી રહ્યો હતો તેવામાં એક પારધીયે આવી બાણુ મારી મારી નાખ્યો. તે જોઇ ક્રૌચી મહા કલ્પાંત-રૂદન કરવા લાગી. તે જોઇ વાલ્મિકજીને દયા આવી. એટલામાં તેમના મુખાર્વિંદમાંથી એક પદબંધ-છંદ-શ્લોક સરી પડયો. તે જોઇ પોતે આશ્ચર્ય પામ્યા. એટલામાં આકાશવાણી થઇ કે વાલ્મિક તું બ્હીશ નહિ કે આશ્ચર્ય પામીશ નહિ. એ વાણી મારી કૃપાથીજ નીકળી છે એમ કહી બ્રહ્મા પોતે પ્રગટ થયા અને દર્શન દ્દરી દીધું. ત્યાર બાદ વાલ્મિકજીએ શતકોટી રામાયણુ સાઠ હજાર પૂર્વ રચ્યું. સાઠ હજાર વર્ષ પૂરાં થતે રામચંદ્રજી થયા અને સઘળો બનાવ ખરો પડયો. વાલ્મિક જેવા ભવિષ્યવેત્તા અને

સંસ્કૃત ભપાના આદિ કવી કોઇ થયા નથી અને થશે પણ નહિ. એમની પાસેથી રામે ઉપદેશ લીધો હતો, રાજ્યનું ધોરણ પણ એમની સલાહથીજ બાંધ્યું.હતું રાજ્યમંડળ, પ્રજામંડળ એમની વાહઃવાહ બોલતું હતું. કોઇપણ જાતની સલાહ માટે રામ પ્રસંગોપાત્ ચિત્રકોટ પર્વત ઉપર એમની પાસે જતા. ધોબીના વચનથી રામે જ્યારે સીતાને કહાડી મુકી ત્યારે.તેને એમણે રાખી ભરણપોષણ કીધું હતું. અને ત્યાંજ લવકુશ પુત્ર અવતર્યા હતા. રામે જ્યારે અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે તે.બાળકોએ રામના ઘોડાને બાંધ્યો તે વારે રામ લડવા આવ્યો તેની સામા બે ભાઇઓ થઇ તેમને.હરાવ્યા.પાછળથી ઓળખાણ નીકળતા પિતા પુત્ર ભેટી પડયા ત્યાર પછી તેમને રામે તેડી લાવી રાજ્યમા સલાહકાર નીમ્યા હતા એ પેતાના અતુલ પ્રયત્ન વડે અને ગુરૂભક્તિ વડે અમરકીર્તી ઝળકાવી ગયા.

બીજો ભાગ સમાપ્ત.

સેલ. સેલ.

ચોપડીઓનો ધંધો કાઢી નાંખવાની ખાતર.

પડતર કીંમત

ત્રણ રૂપીઆનો માલ બારજ આનામાં

	પ્રથમ કીંમત.	વેચવાની.
શ્રી લુહાણા કોન્ફરન્સની યાત્રા.	૧-૪-૦	૦-૮-૦
શ્રી નાથજીનું પ્રાગટ્ય.	૦-૮-૦	૦-૧-૧
વિષયા દેવી.	૦-૮-૦	૦-૧-૩
સાબુ બનાવવાનો હુન્નર.	૦-૫-૦	૦-૧-૦
કોપીંગ પ્રેસનો હુન્નર	૦-૪-૦	૦-૦-૬
તારગાનો ભોમીયો.	૦-૦-૬	૦-૦-૩
દીવાળી કે હોળી.	૦-૦-૬	૦-૦-૩
શ્રીગોપાળજીનું જીવનચરિત્ર(સચીત્ર)	૦-૦-૦	(મફત)
અકલનો આંધળો.	૦-૦-૬	૦-૦-૩
નગરખંડનો ગરબો.	૦-૦-૩	૦-૦-૩

આખો સટ મંગાવનારને માત્ર બારજ આનામાં મળશે. પોસ્ટેજ છુટક કે સટ મંગાવનારને જુદું જ. સીલક હશે તો મળશે તાકીદે લખો.

બી. સી. ઠક્કર.

વડનગર [ગુજરાત].